# ઉત્તરાખંડમાં હજુ ૧૩૦૦૦ લોકો લાપતા

દહેરાદૂન,તા. ૨૧

ઉત્તરાખંડના મેઘતાંડવ બાદ પરિસ્થિતિ ધીમે ધીમે સુધારવાના પ્રયાસો યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. હજારો લોકોને બચાવી લેવામાં સફળતા મળી છે પરંતુ હજુ પણ મોટી સંખ્યામાં લોકો લાપત્તા ૫૦ હજારથી વધુ લોકો હજુ પણ અટવાયેલા છે. બીજી બાજુ ૩૩૧૯૨ લોકોને બચાવી લેવામાં સફળતા મળી છે. કેદારનાથમાંથી તમામ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હવે ગૌરીકૂંડ અને રામબાડામાં બચાવ કામગીરી ઉપર મોટા ભાગના લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે કહ્યુ હતુ કે હજુ સુધી ૨૦૭ લોકોના મોત થઈ ચુક્યા છે. ઘણા વિસ્તારમાંથી કાટમાળને હજુ દૂર કરવામાં આવ્યો નથી. હરિદ્વારમાં



હોવાથી તંત્રની ચિંતા અકબંધ રહી છે. ઉત્તરાખંડમાં હાલત ખૂબ જ કફોડી બનેલી છે. ૧૩૦૦૦થી વધુ લોકો હજુ પણ લાપત્તા છે જયારે ધ્યાન કેન્દ્રીત કરાયું છે. ઉત્તરાખંડમાં સત્તાવારરીતે મોતનો આંકડો ૨૦૭ ઉપર પહોંચ્યો છે. કેદારનાથ અને બદ્રિનાથમાંથી ૪૦ મૃતદેહો મળી આવ્યા છે. ગંગા નજીકના વિસ્તારોમાંથી આ મૃતદેહ મળી આવ્યા છે. બચાવ અને રાહતકામગીરી હજુ પણ બીજા બે દિવસ ચાલે તેવી શક્યતા છે. આગામી બે દિવસોમાં તમામ અટવાયેલા લોકોને સુરક્ષિત રીતે ખસેડી લેવામાં આવશે.

આ સાંકડી ખીણમાં ૫૦૦૦ લોકો ફસાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ગૃહમંત્રાલયના આંકડા જણાવે છે કે ૫૦૪૨૨ લોકોક હજુ અટવાયેલા છે અને ૧૩૦૦૦ લોકો લાપત્તા છે. બચાવ અને રાહત કામગીરી મોટા પ્રમાણમાં તીવ્ર બનાવવામાં આવી છે. ઘણી બધી સંસ્થાઓ સૌથી વધુ અસર પામેલા કેદારનાથ અને અન્ય વિસ્તારોમાં બચાવ કામગીરીમાં જોડાયેલી છે.

મોતનો આંકડો ખૂબ ઊંચો જોઈ શકાય છે. ૫૦ હજાર લોકો હજુ પણ ઉત્તરાખંડના જુદા જુદા ભાગોમાં અટવાયેલા છે. ઉત્તરાખંડના ઊંચાણવાળા વિસ્તારોમાં વાદળ ફાટવાની ઘટના, ભારે વરસાદ અને પૂરના કારણે જળપ્રલયની સ્થિતિ સર્જાઈ હતી. સૈંકડો લોકોના મોત થઈ ચૂક્યા છે. સૈંકડો મકાનો ધરાશાયી થઈ ચૂક્યા છે. હજારો લોકો હજુ પણ લાપત્તા હોવાનું જણવા મળી રહ્યું છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણા કબૂલી ચૂકયા છે કે સત્તાવાર રીતે મોતનો આંકડો ૧૫૦ છે પરંતુ ખુવારીનો આંકડો ખૂબ મોટો હોવાની દહેશત ચોક્કસપણે છે. વાસ્તવિક આંકડો પાણી ઉતરી ગયા બાદ જ જણી શકશે. રાજ્ય સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરે આજે સવારે કહ્યું હતું કે ખુવારી હજારોમાં હોઈ શકે છે. કારણ કે પૂરમાં શ્રદ્ધાળુઓતી ભરચક ૯૦ ધર્મશાળા સંપૂર્ણ નાશ પામી છે. કોમ્યુનિકેશન અને અન્ય સુવિધાના અભાવના પરિણામ સ્વરૂપે રાજ્યની બહારથી આવેલા શ્રદ્ધાળુઓ તેમના સગાસંબંધીઓને શોધવામાં મુશ્કેલી નડી છે. હેલિકોપ્ટરો, સેના, એરફોર્સ, એનડીઆરએફ, ઉત્તરાખંડ સરકારની સ્થાનિક ટીમોની મદદથી બચાવ કામગીરી ચાલી રહી છે. ઉત્તરાખંડમાં રાહત કામગીરીમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો પણ જોડાઈ ગયા છે.

## બચાવ કામગીરીમાં સામેલ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત
## હોનારતની સાથે સાથે.....

દહેરાદૂન,તા. ૨૧

ઉત્તરાખંડમાં પૂર બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મૃતદેહો નિયમિત રીતે વધુ પ્રમાણમાં હાથ લાગી રહ્યા છે ત્યારે મદદનો સિલસિલો પણ બીજી બાજુ જારી રહ્યો છે. સત્તાવાર રીતે મોતનો આંકડો હજુ ૨૦૭ જણાવવામાં આવ્યો છે પરંતુ મુખ્યમંત્રી બહુગુણા પોતે કહી ચૂક્યા છે કે આ આંકડો ખૂબ ઊંચો હોઈ શકે છે. કારણ કે ચારે બાજુ પાણીની સ્થિતિ હજુ જોવા મળી રહી છે. હોનારતની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- ઉત્તરાખંડમાં હજુ પણ ૧૩૦૦૦ લોકો લાપત્તા છે
- ઉત્તરાખંડમાં ફસાયેલા ૩૩૧૯૨ લોકોને હજુ સુધી બચાવી લેવાયા
- કેદારનાથમાંથી લગભગ તમામને બચાવી લેવાયા
- ગૌરીકુંડ અને રામબાડામાં ફસાયેલા ૫૦૦૦ લોકોને હવે બચાવાની કામગરી હાથ ધરાશે
- ઉત્તરાખંડમાં હજુ પણ જુદા જુદા ભાગોમાં ૫૦ હજાર લોકો અટવાયા
- પાણી ઉતરી ગયા બાદ અને ચિત્ર સ્પષ્ટ થઈ ગયા બાદ મોતનો આંકડો જાણી શકાશે તેવી બહુગુણાએ વાત કરી
- કોમ્યુનિકેશનના અભાવના કરણે લોકોની હાલત કફોડી બનેલી છે
- ભાજપના સાંસદો પૂરગ્રસ્ત ઉત્તરાખંડમાં મદદ કરવા માટે મહિનાનો પગાર આપશે
- કોગ્રેસના સાંસદો અને ધારાસભ્યો પણ એક મહિનાનો પગાર આપશે
- કેદારનાથમાં બચાવ કામગીરીમાં સામેલ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયુ
- ઉત્તરાખંડમાં બચાવ કામગીરી હજુ બે દિવસ સુધી ચાલશે
- ઉત્તરાખંડમાં પરિસ્થિતિની સમીક્ષા કરાઈ
- ઉત્તરાખંડ માટે જયરામ રમેશ દ્વારા ૩૪૦ કરોડની સહાયની જાહેરાત કરાઈ
- ઉત્તરાખંડમાં પૂરની સ્થિતિ બાદ ગૂગલ દ્વારા પણ લાપત્તા લોકોને શોધી કાઢવા એફની શરૂઆત કરાઈ
- ઉત્તરાખંડની હોનારત રાષ્ટ્રીય આપત્તી હોવાની ભાજપ પ્રમુખ રાજનાથસિંહે કબૂલાત કરી
- ઉત્તરાખંડમાં ચારે બાજુ રસ્તાઓ હજુ પણ સંપૂર્ણપણે ખોલવામાં આવ્યા નથી
- ઉત્તરાખંડમાં હજારો લોકોને ભોજનની સુવિધા ઉપલબ્ધ થઈ રહી નથી
- પૂરતા પ્રમાણમાં મદદ કરવા મુખ્યમંત્રીની લોકોને અપીલ
- બચાવ ઓપરેશનને તીવ્ર બનાવવા કેન્દ્ર દ્વારા વધુ હેલિકોપ્ટર મોકલવામાં આવ્યા
- ઉત્તર પ્રદેશ ભાજપ દ્વારા ઉત્તરાખંડ માટે રાહત ફંડ એકત્રિત કરાશે
- બિહાર સરકાર દ્વારા ૫ કરોડની મદદ જાહેર કરાઈ
- ઉત્તરાખંડમાં ત્રણ દિવસના શોખની જાહેરાત કરાઈ
- રાહત ઓપરેશનને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઈ
- સુપ્રીમ કોર્ટે પણ તપાસ તીવ્ર બનાવવા સૂચના આપી

## મુંબઈમાં ૩ માળની ઈમારત તૂટી પડતાં ૧૦ના કરૂણ મોત

મુંબઈ,તા. ૨૧

થાણે જિલ્લામાં આજે સવારે ત્રણ માળની ઈમારત ધારાશાયી થઈ જતાં ૧૦ લોકોના મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. મોતનો આંકડો હજુ વધે તેવા સંકેત છે કારણ કે ઘાયલ થયેલા ૧૪ લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આજે વહેલી પરોઢે ૨.૩૦ વાગે આ બનાવ બન્યા બાદ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. થાણેના મુબ્રા વિસ્તારમાં આવેલી બજાર પેઠમાં સ્થિત શકુતલા ઈમારત ધારાશાયી થઈ ગઈ હતી. લોકો ઉંઘ માણી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓમાં બે મહિનાની બાળકી સહિત બાળકોનો પણ સમાવેશ થાય છે. પોલીસની ટુકડી ૨.૩૦ વાગ્યે પહોંચી ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી બનાવ અંગે માહિતી મળ્યા બાદ તરત જ હાથ ધરવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ટૂંકડી પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ ઉપરાંત બ્રિહાન મુંબઈ મ્યુનિસીપલ કોર્પોરેશનના અધિકારીઓ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના અધિકારીઓ ફણ ઘટના સ્થળો પહોંચ્યા હતા. કાટમાળ હેઠળ ૨૫ લોકો ફસાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. ૧૫ લોકોને બચાવી લેવાયા હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ ઈમારત ૩૫ વર્ષ જૂની હતી. મુબ્રામાં હાલમાં જ વધુ એક ઈમારત બે મહિના પહેલા જ ધારાશાયી થઈ ગઈ હતી જેમાં ૭૦થી વધુ લોકોના મોત થયા હતા.

ઘાયલ થયેલા લોકોને શહેરમાં સિવિલ હોસ્પિટલ અને સીએસએમએચ, કાલશેકર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. થાણે જિલ્લાના કલેક્ટર પી વેલરાસુદ, પોલીસ કમિશનર કેપી રઘુવંશી અને કાર્યકારી મ્યુનિસિપલ કમિશનર શ્યામસુંદર પાટિલ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. જેમાં બે મહિનાની મહેક મુદસર પંજાબી, ૨૫ વર્ષીય મહોમ્મદ રેહાન જિલાની, ચાર વર્ષીય ઉષના, ૩૦ વર્ષીય અબ્દુલ કરીમ શેખ, ત્રણ વર્ષીય તસ્મિયા મકદુંમ શેખ અને છ વર્ષીય અબ્દુલ કરીમ શેખનો સમાવેશ થાય છે.

## હરિદ્વાર પાસેની ગંગા નદીમાંથી તણાયેલા ૬૦ મૃતદેહો મળ્યા

ગઢવાલ, તા. ૨૧

કેદારનાથમાં આવેલી ભયંકર મુશ્કેલીનાં છઠ્ઠા દિવસે સેના તરફથી ચલાવવામાં રેસ્ક્યુ અભિયાનમાં ઋષિકેષ અને હરદ્વારમાં ગંગા નદીમાં અલગ અલગ સ્થળો પરથી મૃતદેહ બહાર કાઢવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી ૬૦થી વધુ મૃતદેહ બહાર કાઢી દેવાયા છે.

શુક્રવારે સવારે ૬.૦૦ વાગ્યાથી સંરક્ષણ મંત્રાલય તરફથી તૈનાત કરવામાં આવેલા હેલિકોપ્ટર, સેનાના ૧૦,૦૦૦થી વધુ જવાન, પેરા મિલેટ્રી ફોર્સનાં જવાનોએ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી કુલ ૨૯૫ લોકોને બહાર કાઢી લીધા છે. જ્યાં હેલિકોપ્ટર પહોંચી શક્યા નથી ત્યાં સેના પગપાળા પોતાનું બચાવ અભિયાન ચલાવી રહી છે. ઉત્તરાખંડમાં બચાવ કાર્યો ઝડપી બનાવવા માટે ઝારખંડ સરકારે પણ એક હેલિકોપ્ટર મોકલી આપ્યું છે.

ઉત્તરકાશીમાં ગંગોત્રી રાજમાર્ગ ઉત્તરકાશીથી લઈને ગંગોત્રી સુધીનાં આઠ સ્થળો તેમજ યમનોત્રીનો રાજમાર્ગ ત્રણ સ્થળો પર હજુ પણ



બંધ છે. આ બંને માર્ગ પર લગભગ ૪૦૦૦ યાત્રીઓ ફસાયેલા છે. જોષીમઠથી બદ્રીનાથ સુધી, ગોવિંદઘાટ-ઘાંઘરીયા સહિત અનેક સ્થળો પર હજુ પણ ૧૦,૦૦૦ યાત્રીઓ ફસાયેલા છે. સુરક્ષીત લોકોને સેના તરફથી દવા અને ખાદ્ય સામગ્રી મોકલવામાં આવી રહી છે. શુક્રવારે હવામાન સ્વચ્છ હોવાને કારણે રેસ્ક્યુ અભિયાનમાં ઝડપ આવી ગઈ છે. અત્યાર સુધી રાજ્યમાંથી પ્રભાવિત વિસ્તારમાંથી લગભગ ૩૨,૦૦૦ લોકોને સુરક્ષીત કાઢી લેવામાં આવ્યા છે. જો કે હજુ પણ ઘણાં લોકો મદદ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

લગભગ ૬૨ પૈરા કમાન્ડો ત્યાં મદદ માટે પહોંચી ગયા છે. તેમણે ૧૪ કિ.મી. લાંબો આ પગપાળા માર્ગ પર મોરચો સંભાળી લીધો છે. આ કમાન્ડો સાથે સેના આઈટીબીપી, નેશનલ ડિઝાસ્ટર રિલિવ ફોર્સ (એનડીઆરએફ)નાં જવાનો પગપાળા માર્ગેથી જંગલોમાં આશરો લઈ રહેલા લોકોની તપાસ કરી રહ્યા છે. સેના અને આઈટીબીપીએ જે સ્થળોએ પોતાના કેમ્પ બનાવી લીધા છે. ગંભીર બીમાર અને ઈજાગ્રસ્ત લોકોને સીધા દહેરાદૂન મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ત્યાં ઈજાગ્રસ્ત અને બીમારોની સારવાર થઈ રહી છે. આ સાથે રૂદ્ર પ્રયાગ અને અન્ય સ્થળો પર શીબીર બનાવવામાં આવી છે. પોતાના પરિવારજનોની શોધખોળમાં જુદી-જુદી શીબીરીમાં પુછપરછ કરનારા લોકોની ભીડ વધી રહી છે. ઘણાં સ્થળોએ સડક, પુલ સંપૂર્ણપણે નાશ પામ્યા છે. ગૌરીકુંડથી કેદારનાથ સુધી હજુપણ ૫૦૦૦ લોકો જંગલોમાં ફસાયા હોવાના સમાચાર મળી છે.

## સમાચાર ઝલક

- વૈષ્ણોદેવીના ફોટાવાળા રૂા. ૫ના સિક્કા વિવાદમાં...
- બદરીનાથ-કેદારનાથ ખેદાનમેદાન - હજુ હાહાકાર...
- સોશ્યિલ મીડિયામાં નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા છે...
- શિવમૂર્તિનું સ્થાપન "પરામર્શ નિકેતન" આશ્રમમાં કરાશે.
- રૂપિયો તૂટતાં ગેસનાં ભાવમાં ટૂંક સમયમાં વધારો થવાની શક્યતા.
- જૂનાગઢના ખડિયા ગામના યુવાને ચીનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું.
- ડરામણું સૌંદર્ય - ચંબલ ખીણ પર્યટન સ્થળ બની જશે...!!
- ભીમ અગિયારસ નિર્જલા એકાદશી કોરી ધાકોડ ગઇ...
- શાકભાજીના ભાવવધારા સામે કઠોળના ભાવ સ્થિર ગૃહિણીઓને રાહત...
- સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમમાં તોળાતો વધારો
- ગ્લોબલ વોર્મિંગ ચોમાસું અણધારી આફત લાવશે...
- સેન્ટ્રલ એક્સાઇઝ સુપ્રીમ લાંચનાં છટકામાં ગોઠવાયા...
- ઉત્તરાખંડ આફતમાં હરિચરણદાસજીની અનન્ય સેવા, ૧૦૦૦૦ થી વધુ ભાવિકોને ભોજન...
- ૩૦ વર્ષ બાદ પુનઃ ૨૨ જૂને અતિવૃષ્ટી નક્ષત્ર યોગ.
- ઘરે પિત્ઝા ખાવા સસ્તા, સર્વિસ ટેક્સ લાગશે નહી, સરકારની સ્પષ્ટતાથી કંપનીઓમાં ખુશીની લહેર...
- વાપીમાં બિલ્ડર ગ્રુપે ૩૦ કરોડનું કાળું નાણું કબૂલ્યું.
- ડોલર સામે રૂપિયો તૂટતાં માસિક બીલ ૨૦ ટકા વધી જશે : સર્વે.
- સલમા આગા મહિલાપ્રધાન ફિલ્મ બનાવવા તૈયાર.
- ધોળકામાં બે કોમ સાથે જૂથ અથડામણ, છતાં સમાધાન કરી લીધું.
- પોલીસ ઇન્સ્પેક્ટરોની માઠી દશા, પોતાના ખર્ચે ડિઝલ ભરાવવાનાં આદેશ.
- મુંબઇમાં ઇમારત ધરાશાયી ૭નાં મોત.
- ૪૦થી વધુ હેલિકોપ્ટર ઉત્તરાખંડમાં બચાવ કામગીરીમાં જોડાયા.

## દેશમાં વિજળીના દરમાં ૧૫-૧૭ પૈસા પ્રતિ યુનિટનો વધારો ઝીકાશે

નવી દિલ્હી,તા. ૨૧

દેશભરમાં વિજળીના દરમાં પ્રતિ યુનિટ ૧૫થી ૧૭પૈસાનો વધારો થશે કારણ કે સરકારે આજે વિજળી કંપનીઓને આયાત કરવામાં આવેલા કોલસાના ઉચા ખર્ચનો બોજ ગ્રાહકો પર નાંખવાને મંજુરી આપી હતી. સરકારે કોલસાની આયાત માટે પણ મહત્વપૂર્ણ પહેલા કરી છે જેના પરિણામ સ્વરૂપે વિજળી કંપનીઓ દરમાં વધારો કરી શકશે. સરકારે આજે એક એવી વ્યવસ્થાને મંજુરી આપી હતી જે વ્યવસ્થા હેઠળ વિજળી કંપનીઓને આ બાબતની મંજુરી મળશે કે જો આયાત કરવામાં આવતા કોલસાની કિંમત વધશે તો તેઓ વિજળીના દર વધારી શકશે. વડાપ્રધાનના નેતૃત્વમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ નવી વ્યવસ્થાને મંજુરી આપી હતી. બેઠક બાદ નાણાંપ્રધાન પી ચિદમ્બરમે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે વિજળી કંપનીઓને રાહત મળે તેની પાછળ આનો મુખ્ય હેતુ છે. જો કોલ ઈન્ડિયા કોલસાની ૧૫ ટકા આયાત કરશે તો ૧૫થી ૧૭ પૈસા પ્રતિયુનિટ વિજળીના દરમાં વધારો થશે. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ આજે કેટલીક મહત્વપૂર્ણ દરખાસ્તોને લીલીઝંડી આપી હતી. સીસીઈએ દ્વારા નેવેલી લિગ્નાઈટ (એનએલસી)માં પાંચ ટકા હિસ્સેદારી વેચાણને લીલીઝંડી આપી હતી. આના કારણે ૪૬૬ કરોડ રૂપિયાની રકમ ઉભી કરી શકાશે. સત્તાવાર સૂત્રોએ કહ્યુ હતુ કે કેબિનેટે આ હિસ્સેદારી વેચવાને મંજુરી આપી હતી.

કેબિનેટે પાંચ ટકા હિસ્સો વેચવાને મંજુરી આપી છે. ઓફર ફોર સેલ મારફતે આ હિસ્સેદારી વેચવામાં આવશે. ડિસઈન્વેસ્ટમેન્ટ વિભાગે ૭.૮ કરોડ શેર વેચાણ માટે રજુઆત કરી હતી. ઓફર પોર સેલ રૂટ મારફતે તમિળનાડુ સ્થિત ખાણ કંપનીમાં હિસ્સેદારી વેચવામાં આવશે. અત્રે ઉલ્લખનીય છેકે કેબિનેટની બેઠકે અગાઉ આ મહિનાની શરૂઆતમાં જ એનએલસીમાં હિસ્સેદારી વેચાણના નિર્ણયને મોકુફ કર્યો હતો. કેબિનેટે આજે અન્ય કેટલાક મહત્વના નિર્ણયો કર્યા હતા જેના ભાગરૂપે રાજસ્થાનમાં ૪૭૪ કરોડના માર્ગ પ્રોજેક્ટોને લીલીઝંડી આપવામાં આવી હતી. ડિસઈન્વેસ્ટમેન્ટ વિભાગે આ મહિનાની શરૂઆતમાં જ સીસીઈએને જણાવ્યું હતુ કે કંપનીમાં હિસ્સેદારી વેચવા સિવાય અન્ય કોઈ પણ વિકલ્પ નથી.

## પવારની દરખાસ્તને ફગાવતા ચિદમ્બરમ

નવીદિલ્હી, તા. ૨૧

શેરડીનાં એરિયર્સની ચુકવણી કરવા માટે ખાંડ પરની આયાત-જકાતમાં તાત્કાલિક વધારો કરવા અંગે કૃષિ પ્રધાન શરદ પવારને નાણાં મંત્રાલયે ફગાવી દીધી છે. આવુ પગલું ફુગાવા તરફ દોડી જાય તેવું જણાય છે. તાજેતરમાં નાણાંપ્રધાને લખેલા એક પત્રમાં પવારે એવું કહ્યું હતું કે ખાંડ મીલોનું એરિયર્સ વધીને રૂપિયા ૧૦ હજાર કરોડથી ઉપર જતુ રહ્યું છે અને તેની આયાતોને અંકુશમાં લેવા માટે તેના પરની આયાત-જકાતમાં તાત્કાલિક વધારો કરવાની જરૂર છે. તેની આયાતો સ્થાનિક ભાવો પર ઘટાડાનું દબાણ કરી રહી છે. નીચા ખાંડ મીલોનાં



માર્જિંગમાં ઘટાડો કરશે તે શેરડીનાં એરિયર્સની ચુકવણી મુલતવી રાખી શકે છે.

હાલમાં ખાંડ પરની આયાત-જકાત ૧૦ ટકા છે. ઉચ્ચ સ્તરીય સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે કૃષિ પ્રધાન શરદ પવાર અને અન્ન પ્રધાન કે.વી. થોમસ સાથે ચર્ચા વિચારણા કર્યા પછી આ દરખાસ્તને ઓગસ્ટ સુધી મુલતવી રાખવાનો નિર્ણય કર્યો છે. આ બેઠકમાં ખાંડ પરની આયાત-જકાતનો પ્રશ્ન વિગતવાર ચર્ચાવવામાં આવ્યો હતો અને નાણાંપ્રધાન એવો મત ધરાવે છે કે આ પગલું જુન-ઓગસ્ટ સમયગાળાનાં દરમિયાન મુક્ત બજારમાં ખાંડનાં ભાવો પર માઠી અસર કરી શકે છે. માટે હાલ પુરતુ આ દરખાસ્ત મુલતવી રાખવામાં આવી છે.

## તમામ સાંસદ ધારાસભ્ય એક માસનું વેતન ઉત્તરાખંડને આપશે

નવીદિલ્હી, તા. ૨૧

ઉત્તરાખંડમાં આવેલા ભયનાક પુરને કારણે થયેલી બરબાદીને પહોંચી વળવા માટે કોંગ્રેસનાં તમામ સાંસદ તથા ધારાસભ્યો પોતાના એક માસનો પગાર ઉત્તરાખંડ રાહત ભંડોળમાં દાન આપશે. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીનાં આદેશ પર કોંગ્રેસનાં સાંસદો અને ધારાસભ્યોએ આ નિર્ણય કર્યો છે.

કોંગ્રેસનાં સંપર્ક વિભાગનો હવાલો સંભાળનાર અજય માકને જણાવ્યું હતું કે સોનિયા ગાંધીએ પક્ષનાં તમામ લોકસભા અને રાજ્યસભાના સભ્યોને એ આદેશ આપ્યો છે કે તેઓ રાહત કાર્યો માટે પોતાના સ્થાનિક વિકાસ ભંડોળમાંથી ૧૦-૧૦ લાખ રૂપિયા આપે. પક્ષનાં લોકસભામાં ૨૦૩ અને રાજ્યસભામાં ૭૨ સભ્યો છે.

કોંગ્રેસે દહેરાદુનની પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં એક નિયંત્રણ કક્ષની રચના કરી છે. જેથી રાહત કાર્ય ઝડપી બનાવી શકાય પક્ષનાં સચિવ સંજય કપુર તથા સેવા દળનાં પ્રમુખ મહેન્દ્ર જોષીને રાહત બચાવ કાર્ય ઉપર દેખરેખ રાખવા માટે દહેરાદુન મોકલી દેવામાં આવ્યા છે. માકને જણાવ્યું હતું કે પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં તમામ પ્રમુખોને જણાવવામાં આવ્યું છે કે તે પોતાના રાજ્યોમાંથી રાહત સામગ્રી તાત્કાલિક ઉત્તરાખંડ પહોંચાડે

ઉત્તરાખંડનાં કૃષિ મંત્રી હરકસિંહ રાવત આ મુશ્કેલીને સદીની સૌથી વધુ ભિષણ મુશ્કેલીની ઉપમા આપતા જણાવ્યું હતું કે કેદારનાથ વિસ્તારમાં સમગ્ર આધારભુત માળખાને જે વ્યાપક નુકસાન પહોંચ્યુ છે તેનો પુનઃ નિર્માણ કરવામાં ઓછામાં ઓછા પાંચ વર્ષનો સમય લાગશે. આ જગ્યાને સૌથી વધારે અસર પહોંચી છે.

કેદારનાથ વિસ્તારની મુલાકાત લઈને પાછા ફરેલા રાવતે જણાવ્યું હતું કે કેદારનાથમાં તેમણે પાંચ કલાક પસાર કર્યા છે. ત્યાંની ઈમારતો અને મંદિરને થયેલા નુકસાનને જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

કેદારનાથ અને બદ્રિનાથમાં ફસાયેલા ૯૦૦૦થી વધારે લોકોને બચાવવા માટે ૪૦ હેલિકોપ્ટર કાર્યરત બનાવી દેવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેકનીય છે કે હિમાલય ક્ષેત્રમાં થયેલા મુશળધાર વરસાદને લીધે આવેલી ભયાનક મુશ્કેલીને કારણે ઉત્તરાખંડમાં ૯૦ ધર્મશાળાઓ ધસમસતા પુરમાં વહી જવાને કારણે ધર્મશાળામાં આસરો લીધેલા હજારો તિર્થ યાત્રાળુઓ મૃત્યુ પામ્યા હોવાની આશંકા છે.

## યશરાજ ફિલ્મ્સનો સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ

મુંબઈ, તા. ૨૧

યશરાજ ફિલ્મ્સનું નામ બોલીવુડ માટે કે ફિલ્મ રસીયાઓ માટે અજાણ્યુ નથી. યશરાજ ફિલ્મ્સની ગણતરી બોલીવુડનાં સૌથી મોટા પ્રોડકશન હાઉસમાં થાય છે. સારામાં સારી ફિલ્મો આ પ્રોડકશન હાઉસનાં નામે નોંધાયેલી છે. હવે યશરાજ ફિલ્મ્સની સફળતાની યાદીમાં એક નવા પ્રકરણનો ઉમેરો થયો છે. હવે યશરાજ ફિલ્મે દક્ષિણ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કરી લીધો છે. યશરાજે ૨૦૧૦ની લોકપ્રિય અને મનોરંજક ફિલ્મ 'બેન્ડ બાજા બારાત'ની તમિલ અને તેલુગુમાં રીમેક બનાવવાની જાહેરાત કરી છે. તેનું શુટીંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

રીમેકમાં જાણીતા અભિનેતા નાની સાથે વાણી કપુર અભિનય કરશે.